પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૦ | ૨૯ જુલાઈ, ૨૦૧૮, રવિવાર; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ઉત્તરપ્રદેશમાં આફતનો વરસાદ

**ભારે નુકસાન : ઉત્તરપ્રદેશ, દિલ્હી, મધ્યપ્રદેશ, બંગાળ, હરિયાણા, પંજાબ અને હિમાચલમાં ભારે વરસાદ**

નવી દિલ્હી, તા.૨૮

ઉત્તર ભારતથી લઈને પશ્ચિમ બંગાળ સુધીના વિસ્તારમાં ભારે વરસાદ જારી રહ્યો છે. પહાડી વિસ્તારોથી લઈને મેદાની ભાગો સુધી ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયુ છે. ભારે વરસાદના કારણે પાટનગર દિલ્હી સહિતના કેટલાક વિસ્તારમાં હાલત કફોડી બનેલી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોરદાર વરસાદ થઈ રહ્યો છે. દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં છેલ્લા ત્રણ દિવસથી અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ઉત્તરપ્રદેશમાં વરસાદ, આંધી તોફાન અને વીજળી પડવાના

● અનુસંધાન પાન-૭ પર

## ફ્રાંસમાં ભારતીયોએ એરપોર્ટ ટ્રાઝિંટ વિઝાની જરૂર નહીં પડે

ન્યુ દિલ્હી/પેરિસ,તા.૨૮

ફ્રાંસે જાહેરાત કરી છે કે તેના દેશમાંથી પસાર થતાં દરમિયાન ભારતીય પાસપોર્ટ ધારકોને એરપોર્ટ ટ્રાંઝીટ વિઝાની જરૂર નહી પડે.

## પ્રભાતના પગરવ...

### સતાધાર ગૃપની સાત્વિક સેવા

આજે પણ વાત ગાંધીનગરની જ કરવી છે. આપણા જ સમાજજીવનમાં ગરીબી સામે ખરાખરીનો જંગ ખેલી વેપાર ઉદ્યોગમાં બે-પાંદડે થયેલા ૪૦ યુવાનોના સમુહની વાત માંડવી છે. આ યુવાનોના સમુહે પૈસા અને પ્રતિષ્ઠા તો પ્રાપ્ત કરી પણ સાથોસાથ સેવાના સંસ્કાર પણ એટલા જ પ્રાપ્ત કર્યા. સેવાભાવ અને સમાજને મદદરૂપ થવાનો અભિગમ ઉદાહરણીય છે.

આજથી સવા વર્ષ પહેલાં ગાંધીનગરથી પંદર કિલોમીટર દૂર ડભોડા પાસે ૬૨ ગીર ગાયોની ગૌશાળા ઉભી કરી. નિયમિત ગાયોની સાર-સંભાળ રાખવા માટે વ્યવસ્થા ગોઠવી. સાથોસાથ પ્રાપ્ત થતાં દૂધની ઉપયોગિતાનો પણ સેવાકીય વિચાર તેના મૂળમાં હતો. છેલ્લા સવા વર્ષથી ગાંધીનગરની હોસ્પિટલોમાં રોજ સવાર-સાંજ ૨૫૦ થી ૨૭૫ દર્દીઓને, એચઆઈવીના ૨૦ બાળકો તથા આયુર્વેદ કોલેજ કોલવડાને ૨૦૦ એમ.એલ. દૂધ ખાટલે-ખાટલે જઈને પહોંચાડવાની કપરી સેવા અવિરત ચાલે છે અને હજુ તો વિસ્તારવાનું સપનું છે. કોઈ સમારંભ નહિ... કોઈ ફંડફાળો નહી, કોઈ પ્રચાર નહિ ને કોઈ પ્રસાર નહિ. ક્યાંય કોઈનું નામ નહીં ને છતાંય મિનિટનોય વિલંબ નહીં એવી આ ગોઠવાયેલી વ્યવસ્થા સલામને પાત્ર છે.

આ સમગ્ર દૂધ ધારા સેવા માટે ગાયોની પણ ખૂબ કાળજી લેવાય છે. ૭ વિઘાના વિસ્તારમાં પથરાયેલી ગૌશાળામાં આઠ સેવકો રાત-દિવસ ગાયોની કાળજી રાખે છે. ગાયો માટે ઘાસચારો નિયમિત મળે તે માટે બાજુની ૧૫ વિઘા જમીનમાં ઘાસચારો વવાય છે. ઉપરાંત ૫૦ કિલો પાપડી અને ૫૦ થી ૬૦ કિલો ઘઉંનો ભરડેલો લોટ દૈનિક ગાયોને નીરવામાં આવે છે.

આમ હિસાબની દૃષ્ટિએ જોઈએ તો રોજનું ૧૦ હજારની કિંમતનુ દૂધ સેવાઅર્થે વિતરણ થાય છે. આમ મહિને ૩ લાખ અને વર્ષે ૩૬ લાખનુ દૂધ દર્દીઓ અને જરૂરીયાતમંદોને વહેંચાય છે. સમુહમાં જોડાયેલા તમામ પોતપોતાના ધંધા-વ્યવસાયમાં અગ્ર સ્થાને છે. એકાદ બે તો રાષ્ટ્રીયકક્ષાએ વ્યવસાયિક અગ્રતા ભોગવે છે. પરંતુ તેમના સંસ્કારો પણ એટલા જ ઉચ્ચકક્ષાના છે કે દેશના કોઈપણ ખુણામાં વ્યવસાયિક વ્યસ્તતા વચ્ચે પણ દર શનિવારે ડભોડા હનુમાનજી મંદિરે સુંદરકાંડનો પાઠ કરવા પહોંચી જાય છે. સલામ છે સતાધાર ગૃપને અને ગૃપના સૌ સેવા સંસ્કારથી છલકાતા યુવામિત્રોને.

## ચૂંટણી પહેલાં પીએમ ઉમેદવારનું નામ પસંદ ન કરો : મમતા બેનર્જી

**ભાજપને હરાવવા માટે બલિદાન આપો અને એક થાઓ**



કોલકાત્તા,તા.૨૮

વિપક્ષી મહાગઠબંધન તરફથી પીએમ પદના ઉમેદવાર બાબતે ટીએમસીના અધ્યક્ષ અને પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ મહત્વની ટીપ્પણી કરી છે. તેમણે કહ્યુ છે કે ચૂંટણી પહેલા વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કોઈનું પણ નામ પસંદ કરવું જોઈએ નહીં. ભાજપને પડકાર આપવા માટે ફેડરલ ફ્રન્ટની રૂપરેખા તૈયાર કરવામાં લાગેલા મમતા બેનર્જીએ કોલકત્તા ખાતે નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા સાથે પણ મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન તેમણે કહ્યું હતું કે આગામી લોકસભા ચૂંટણી માટે સંભવિત વિપક્ષી મોરચા તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કોઈનું પણ નામ પસંદ કરવું જોઈએ નહીં. મમતા બેનર્જીએ કહ્યું છે કે વિપક્ષી દળો તરફથી ચૂંટણી પહેલા વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાને કારણે પ્રાદેશિક દળોની એકતા તૂટી જશે. તેમણે કહ્યુ છે કે ભાજપ વિરોધી પ્રાદેશિક પાર્ટીઓએ સાથે આવવું જોઈએ અને તેમણે દેશના ફાયદા માટે બલિદાન આપવું જોઈએ.

મમતા બેનર્જી ભાજપનો મુકાબલો કરવા માટે પ્રાદેશિક દળો અને અન્ય વિરોધ પક્ષોનો ફેડરલ ફ્રન્ટ બનાવવા ચાહે છે. એટલે કે કોંગ્રેસ વિપક્ષી દળોના ગઠબંધનમાં સામેલ થાયપ પણ વિપક્ષી દળ કોંગ્રેસના નેતૃત્વમાં ચૂંટણી લડે નહીં.




## ન્યુઝ ટ્રેક

### વારાણસી ફ્લાયઓવર ઘટનામાં આઠની ધરપકડ

૧૫ મે ના રોજ વારાસણીમાં બનેલ નિર્માણાધીન ફ્લાયઓવર ઘટના સંદર્ભે ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરી છે. સેતુ નિગમના સાત કર્મચારીઓ અને એક કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી તેમને જેલ મોકલી અપાયા છે.

### પં. બંગાળમાં ભાજપના નેતાની હત્યા

કેટલાક અજાણ્યા હુમલાખોરોએ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના મંદિરબજાર વિસ્તારમાં ભાજપના એક સ્થાનિક નેતાની ધારદાર ચાકુ હુલાવી હત્યા કરી દેતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે હજુ સુધી કોઈ ધરપકડ થઈ નથી.

### જમ્મુ-કાશ્મીરના પોલીસ અધિકારીનું અપહરણ

જમ્મુ-કાશ્મીરમાં આંતકવાદીઓ દ્વારા એક પોલીસ અધિકારીનુ અપહરણ કરવામાં આવ્યુ છે. ત્રાલ વિસ્તારમાં જમ્મુ કાશ્મીરની એસપીઓનું તેમના ઘર પાસેથી અપહરણ કરાયુ છે.

### દિલ્હીમાં પૂરની ચેતવણી

પર્વતીય વિસ્તારોમાં થઈ રહેલા જોરદાર વરસાદની અસર દિલ્હીમાં જોવા મળી રહી છે. યમુનાનુ જળસ્તર સતત વધતા હયતી કુંડ બેરેજમાંથી પાણી છોડવામાં આવતા દિલ્હીમાં પૂરની ચેતવણી આપવામાં આવી છે.

### ટ્રમ્પ ટાવરમાં સંદિગ્ધ પેકેટ મળ્યા

ન્યૂયોર્કના મેનહટ્ટન વિસ્તાર સ્થિત ટ્રમ્પ ટાવરમાં કેટલાક સંદિગ્ધ પેકેટ પ્રાપ્ત થયા છે. જેની તપાસ થઈ રહી છે. ન્યૂયોર્ક પોલીસે આ જાણકારી આપી છે.

## કાશ્મીર અંગે મંત્રણામાં હવે હુર્રિયતને સામેલ કરવા માંગ

**મહેબુબા મુફ્તીની વિવાદાસ્પદ માંગણી : પીડીપી અને ભાજપ વચ્ચે ખેંચતાણ હજુ વધે તેવા સંકેતો**

જમ્મુ,તા. ૨૮

પીપલ્સ ડેમોક્રેટીક પાર્ટી (પીડીપી)માં ભાગલા પાડવા સામે કેન્દ્ર સરકારને ચેતવણી આપ્યાના દિવસો બાદ જ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફતીએ હવે કાશ્મીરના મામલે મંત્રણામાં હુર્રિયત કોન્ફરન્સના નેતાઓને સામેલ કરવા માટે માંગણી કરી છે. એક રેલીને સંબોધતા મહેબુબા મુફતીએ કહ્યું હતું કે પીડીપી દ્વારા રમજાન દરમિયાન યુદ્ધ વિરામ માટે પહેલ કરવામાં આવી હતી. હુર્રિયત પ્રત્યે પણ હકારાત્મક વલણ દાખવવા માટે કેન્દ્ર સરકારને

● અનુસંધાન પાન-૭ પર







## વધુ કેટલીક વસ્તુઓ પર જીએસટી દર ઘટાડાશે

ન્યુ દિલ્હી,તા.૨૮

ગત સપ્તાહે જીએસટી પરિષદે ૮૫ ઉત્પાદનોનો ટેક્સ રેટ ઘટાડ્યો હતો. આ ઉત્પાદના ભાવમાં થયેલો ઘટાડો આજથી અમલી થઈ ગયો છે. પરંતુ જીએસટી પર હજી લોકોને વધારે ખુશખબરી પ્રાપ્ત થઈ શકે છે. નાણાંપ્રધાન અરૂણ જેટલીએ આ મામલે ફેસબૂક પર માહિતી શેર કરી છે. નાણાંપ્રધાન અરૂણ જેટલીએ ફેસબૂક પર એક બ્લોગ પોસ્ટ જીએસટીને લઈને લખી છે. જેટલીએ ૨૮ ટકા સ્લેબમાં સમાવિષ્ટ અન્ય કેટલાક ઉત્પાદનો પર જીએસટી રેટ ઘટાડવાના સંકેત આપ્યા છે. જેટલીએ જણાવ્યું કે સમય સાથે જેમ-જેમ જીએસટી રેવન્યૂ વધશે તેમ-તેમ ઘણા ઉત્પાદનો પર જીએસટી રેટ ઘટાડવામાં આવશે.

### ભાડે આપવાની છે

આશરે ૧૬૦૦ ચો. ફુટ જગ્યા શોરૂમ / હોટલ વગેરે લાયક સેક્ટર-૨૪, ડિસ્ટ્રીક્ટ શોપીંગમાં લીવ એન્ડ લાયસન્સથી આપવાની છે.

લખો દિન સાતમાં

પો. બોક્ષ નં. ૩૦૧૮







